**ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી/ ફાર્મસી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં અભ્યાસક્રમ માં ડીપ્લોમાં થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ પરીક્ષા (DDCET) ના આધારે મેરીટ બનાવી પ્રવેશ ફાળવવાની જોગવાઈ બાબત.**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: પવશ/૧૦૨૦૨૦/૬૧/સ**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૨૩/૦૮/૨૦૨૩**

વંચાણે લીધા :

૧. કમિશનરશ્રી , ટેકનિકલ શિક્ષણ નીકાચેરી , ગાંધીનગર ના તા.૧૪/૦૯/૨૦૨૨ ના પત્ર ક્રમાંક :ડીટીઈ / એકે /પ્રવેશ નિયમો/ક (૨)/ ૨૦૨૨-૨૩/૮૦૨૭

૨. તા.૨૩/૦૮/૨૦૨૨ નો ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી/ફાર્મસી (બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં પ્રવેશ પક્રિયા સમિતિ નો અહેવાલ

આમુખ :-

ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી/ ફાર્મસી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં પ્રવેશ કાર્યવાહી ને સરળ બનાવવા તેમજ અગાઉ ડીપ્લોમાં પાસ કરેલ વિદ્યાર્થીઓ ને પણ પ્રવેશ પક્રિયામાં સમાવેશ કરી શકાય તે હેતુથી સરકારશ્રી દ્વારા સમિતિનું ગઠન કરવામાં આવેલ. જેની ભલામણો અન્વયે ડીપ્લોમાં ઈજનેરી /ફાર્મસી ના વિદ્યાર્થીઓ ડિગ્રી ઈજનેરી /ફાર્મસી બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં સરળતાથી પ્રવેશ મેળવી શકે તે હેતુથી કોમન એન્ટ્રન્સ ટેસ્ટના આધારે પ્રવેશ ફાળવવાની બાબત સરકારશ્રી ની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ: -

વિચારણા ના અંતે પ્રવેશ વર્ષ ૨૦૨૪-૨૫ થી રાજ્ય ની વિવિધ યુનિવર્સીટીના ઈજનેરી અને ફાર્મસીનાં બીજા વર્ષ ની પ્રવેશ કાર્યવાહી માટે લાયક વિદ્યાર્થીઓ માટે ડિપ્લોમા થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) નાં આધારે પ્રવેશ ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે. ડિપ્લોમા થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) ની સુચિત કાર્યપધ્ધતી નીચે મુજબ ની રહેશે.

**(A) ડિપ્લોમા થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) સમિતિ**

ડિપ્લોમા થી ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET) ને લગતી રોજ-બરોજ ની તમામ બાબતો નુ સંકલન કરવા માટેની DDCET સમિતિ નું ગઠન કરવામાં આવે છે. જે નીચે મુજબની રહેશે.

1. કમિશનર/નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ (પ્રવેશ સમિતિ ના ચેરમેન)
2. સયુક્ત નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ ( સભ્યસચિવ (GETERS))
3. પ્રવેશ સમિતિ ના સભ્યસચિવ (ACPC)
4. રજીસ્ટ્રાર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
5. ખાસ ફરજ પર ના અધિકારી (ACPC)
6. ખાસ ફરજ પર ના અધિકારી (ACPC)

**(B) DDCET પરીક્ષા ની નોડલ એજન્સી**

- DDCET પરીક્ષાના સરળ સંચાલન માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી એ સમિતિ સાથે નોડલ એજન્સી તરીકે કામગીરી કરવાની રહેશે.
- ઉક્ત પરીક્ષા માટેનું રજીસ્ટ્રેશન ઓન-લાઈન કરવાનું રહેશે. તથા તેનું પરિણામ અને સદર વર્ષનો DDCET Rank ઓનલાઈન જાહેર કરવાનો રહેશે.
- DDCET પરીક્ષા માત્ર જે તે વર્ષ માટેના પ્રવેશ માટે જ માન્ય રહેશે. તેને ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી પડેલ બેઠકોની કાર્યવાહીમાં પણ પ્રથમ પ્રાયોરીટી આપવાની રહેશે.
- ઉમેદવાર દીઠ DDCET પરીક્ષા ની ફી ૨૫૦/- રૂપિયા રહેશે.
- પ્રવેશ કાર્યવાહી માટેની ફી અલગથી રહેશે.

- DDCET ની પરીક્ષા રાજ્ય માં વિવિધ સેન્ટર ખાતે ઓફલાઈન – Paper Based Test (PBT) હાથ ધરવાની રહેશે.

**(C) DDCET પરીક્ષા નું માળખું:**

- DDCET નાં રજીસ્ટ્રેશનની કાર્યવાહી જે-તે વર્ષના ફેબ્રુઆરી મહિનામાં કરવાની રહેશે.
- પરીક્ષા હાથ ધરવા માટેની સમયપત્રક તારીખ સંબંધિત શૈક્ષણિક વર્ષનો March મહિના ના રવિવાર ના રોજ રાખવાની રહેશે. ઉક્ત બાબતે સમિતિના અધ્યક્ષશ્રી નો નિર્ણય આખરી રહેશે.
- નોડલ એજન્સી DDCET સમિતિ સાથે પરામર્શ કરીને, પરીક્ષાકેન્દ્રની સંખ્યા અને સ્થાન નક્કી કરવાનું રહેશે.
- ઉક્ત પરીક્ષા નું માળખું નીચે મુજબનુ રહેશે.

| Program | Paper Number | Paper | No. of question | Maximum Marks | Time Duration in minutes |
|---|---|---|---|---|---|
| Engineering and Technology | BE 01 | Basics of Science and Engineering | 50 | 100 | 120 (Two Hours) |
| | BE 02 | Aptitude Test (Mathematics and Soft Skill) | 50 | 100 | |
| | Total | | 100 | 200 | |
| | | | | | |
| Pharmacy | BPH 01 | Basic of Pharmacy | 80 | 160 | 120 (Two Hours) |
| | BPH 02 | Aptitude Test (Soft Skill) | 20 | 40 | |
| | Total | | 100 | 200 | |

- દરેક સાચા જવાબ માટે બે ગુણ અને ખોટા અથવા એકથી વધુ પ્રયાસ કરેલા જવાબ માટે માઈનસ 0.5 (અડધો) માર્ક તેમજ પ્રયાસ ન કરેલ પ્રશ્ન માટે શૂન્યમાર્ક ગણવાના રહેશે.
- ઉક્ત પરીક્ષામાં DDCET નો મેરીટ ક્રમાંક માટેની સરખા માર્ક્સ ધરવતા વિદ્યાર્થીઓની પ્રાથમિકતા નીચે મુજબ આપવામાં આવશે. (મેરીટ ની કી)
    - ઈજનેરી માટે BE 01 અને ફાર્મસી માટે BPH 01 માં મેળવેલ ગુણ
    - ઈજનેરી માટે BE 02 અને ફાર્મસી માટે BPH 02માં મેળવેલ ગુણ
    - ઉક્ત પરીક્ષામાં સૌથી ઓછા કપાત માર્ક્સ (Negative marks)
    - ઈજનેરી માટે BE 01 અને ફાર્મસી માટે BPH 01 સૌથી ઓછા કપાત માર્ક્સ (Negative marks)
    - ઈજનેરી માટે BE 02 અને ફાર્મસી માટે BPH 02 સૌથી ઓછા કપાત માર્ક્સ (Negative marks)
    - વિદ્યાર્થીની જન્મતારીખ
- પ્રવેશ વર્ષ ૨૦૨૪ – ૨૫ માટે ઉક્ત સમિતિ દ્વારા DDCET નો સિલેબસ અને સેમ્પલ પ્રશ્ન બેંક નવેમ્બર, ૨૦૨૩ નાં પ્રથમ અઠવાડિયા સુધીમાં પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મુકવાનો રહેશે.
- પ્રસ્તુત પદ્ધતિ , અન્ય બદલાવ ન આવે ત્યાં સુધી અગામી તમામ વર્ષો માટે અનુસરવાની રહેશે.

**(D) DDCET પરીક્ષા માટે લાયક ઉમેદવારો**

- જે તે પ્રવેશ વર્ષ માં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે ૦૫ ટકા બેઠકો માટે સમગ્ર દેશમાંથી માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ (ઉક્ત બાબતે છેલ્લા સેમેસ્ટરમાં ઉપસ્થિત ઉમેદવારો લાયક રહેશે.)
- અગાઉના વર્ષ માં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કર્યું હોય અને ડિગ્રી માં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો
- AICTE ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી Bachelor of Science અને Diploma Vocational ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ

- હાલ ના પ્રવર્તમાન નિયમો અન્વયે બહારના રાજ્યમાંથી બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં પાસ કરેલ વિદ્યાર્થીઓ

વધુમાં સદર પ્રવેશ બાબતે સરકારશ્રી ના વખતોવખત ના પ્રવેશ નિયમો ને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૦.૦૮.૨૦૨૩ ની મળેલ માંનુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેના નામે.

(મૌલિકા શાહ)

નાયબ સચીવ

શિક્ષણ વિભાગ

નકલ રવાના :-

1. અગ્ર સચિવશ્રી , મન.રાજ્યપાલશ્રી, રાજ ભવન સેક્ટર ૨૦ ગાંધીનગર (પત્રથી )
2. અધિક મુખ્ય સચિવશ્રી , માન. મુખ્યમંત્રીશ્રી નું કાર્યાલય , સ્વર્ણિમ સંકુલ- ૦૧ ગાંધીનગર
3. અંગત સચિવશ્રી , માન.મંત્રીશ્રી (શિક્ષણ વિભાગ) સ્વર્ણિમ સંકુલ -૧ સચિવાલય ગાંધીનગર
4. અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર
5. કમિશનરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર
6. સંયુક્ત નિયામકશ્રી (એકેડેમિક શાખા ), ટેકનિકલ શિક્ષણ , નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ ગાંધીનગર
7. સભ્ય સચિવશ્રી એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ અમદાવાદ
8. કુલપતિશ્રી અને રજિસ્ટ્રારશ્રી તમામ યુનિવર્સિટીને ( કમિશનર શ્રી  ટેકનિકલ શિક્ષણ ની કચેરી ગાંધીનગર મારફત )